અબકી બાર મજબૂત સરકાર

કેબિનેટ રચના અંગે ચર્ચાઓનો દોર : મોદીની શાહની સાથે ચર્ચા

નવીદિલ્હી, તા. ૧૯

લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત બાદ કેબિનેટની રચના પહેલા નિયુક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પણ તેમના નજીકના સાથીઓ સાથે વાતચીત કરી હતી જેમાં સરકારની રચનાનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. ભાજપના જનરલ સેક્રેટરી અમિત શાહ અને પક્ષના વરિષ્ઠ નેતા અરુણ જેટલી આમા ઉપસ્થિત રહ્યા હતા. બીજી બાજુ નવા ચૂંટાયેલા ભાજપના સાંસદો દિલ્હીમાં સંઘની ઓફિસમાં આરએસએસના વરિષ્ઠ સભ્યોને મળ્યા હતા. નરેન્દ્ર મોદીએ શાહ અને જેટલી સાથે ચાણક્યપુરીમાં ગુજરાત ભવન ખાતે બેટક યોજી હતી. જેટલીને લોકસભાની ચૂંટણીમાં હાર થઇ હોવા છતાં કેબિનેટમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને પક્ષના વરિષ્ઠ નેતા કલ્યાણ સિંહ પણ નરેન્દ્ર મોદીને મળ્યા હતા. મોદી ઉદ્ધવ ઠાકરે અને ટીડીપીના પ્રતિનિધિઓને પણ મળી રહ્યા છે.

મોદીની સાથે સાથે રાજનાથસિંહને અશોકા રોડ નિવાસસ્થાને પણ બેઠકોનો દોર જારી રહ્યો હતો. અહીં લોકસભામાં વિપક્ષના પૂર્વ નેતા સુષ્મા સ્વરાજ, ઉમા ભારતી, ગોપીનાથ મુંડે, યોગી આદિત્ય નાથ, વરુણ ગાંધી અને અન્ય કેટલાક ચૂંટાયેલા સાંસદોનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાં ભાજપના ગઠબંધન ભાગીદાર તરીકે રહેલા અપના દળની અનુપ્રિયા પટેલે પણ સિંહ સાથે વાતચીત કરી હતી. એનડીએ ઉત્તરપ્રદેશમાં ૮૦ બેઠકો પૈકી ૭૩ બેઠકો ધરાવે છે.

તેમણે કહ્યું હતું કે, અમારા ગઠબંધને ઉત્તરપ્રદેશમાં જોરદાર સપાટો બોલાવ્યો છે. ભાજપ વડાએ પહેલાથી જ કહ્યું છે કે, ગઠબંધન ભાગીદારીના હિતોને જાળવવામાં આવશે. ભાજપના નવા ચૂંટાયેલા સાંસદો આરકે સિંહ, ગજેન્દ્રસિંહ શેખાવત, દિલ્હીના સાંસદ ઉદિતરાજ, મનોજ તિવારી, વિનય કટિયાર પણ કેશવપુરમમાં સંઘના દિલ્હી હેડક્વાર્ટર ખાતે આરએસએસના કાર્યકરોને મળવા માટે પહોંચ્યા હતા. સુષ્મા સ્વરાજે રાજનાથસિંહ સાથે વાતચીત કરી હતી. મોદી સાથેની વાતચીતમાં સુષ્મા સ્વરાજ અને વસુંધરા રાજે પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ભવનમાં હાલમાં મિટિંગોના દોર ચાલી રહ્યા છે. સુષ્મા સ્વરાજને કેબિનેટના ટોચના ચાર મંત્રાલયો પૈકીના એક આપી શકાય છે. મોદીને મળતા પહેલા સુષ્મા રાજનાથને મળવા માટે પણ પહોંચ્યા હતા.

મોદી ૨૪ અથવા ૨૫મીએ શપથ લે તેવી વકી

નવી દિલ્હી,તા. ૧૯

લોકસભાની ચૂંટણીમાં ઇતિહાસ સર્જીને ભાજપને જંગી બહુમતિ અપાવનાર નરેન્દ્ર મોદી કઇ તારીખે વડાપ્રધાન તરીકે શપથ લેશે તેને લઇને સામાન્ય લોકોમાં ભારે ચર્ચા છે. હજુ કોઇ તારીખ નક્કી કરવામાં આવી નથી. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે નરેન્દ્ર મોદી ૨૪મી અથવા ૨૫મી મેના દિવસે દેશના વડાપ્રધાન તરીકે શપથ લઇ શકે છે. હાલમાં કેબિનેટની રચના અંગે વાતચીત ચાલી રહી છે. સરકારની રચના અને પક્ષના પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીની ભૂમિકાને લઇને ચર્ચા ચાલી રહી છે. મોદી હિન્દુ કેલેન્ડર મુજબ પવિત્ર દિવસ એકાદસીના દિવસે શપથ લઇ શકે છે. મોદીની સાથે ડઝન જેટલા પ્રધાનો પણ શપથ લે તેવી શક્યતા છે. જ્યારે મોદી તેમની કેબિનેટનુ પ્રથમ વખત વિસ્તરણ બીજી અથવા તો ત્રીજી જુનના દિવસે કરે તેવી શક્યતા છે. જેમાં તેના નેતાની પસંદગી કરવામાં આવનાર છે. મોદી સામે સૌથી મોટા પ્રશ્નો હાલમાં ૮૬ વર્ષીય અડવાણી અને ૮૦ વર્ષીય જોશીની ભૂમિકાને લઇને છે. આ બે પીઢ નેતાને કઇ જવાબદારી સોંપવામાં આવે તેને લઇને ચર્ચા છે. ભાજપે હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઇતિહાસ સર્જીને બહુમતિ મેળવી હતી. ૩૦ વર્ષમાં પ્રથમ વખત કોઇ પાર્ટીને સ્પષ્ટ બહુમતિ લોકસભામાં મળી છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ પાસે ૩૩૭ બેઠકો છે. ગઇકાલે પણ વાતચીતનો દોર જારી રહ્યો હતો. ગઇકાલે મોદી તેમની ભૂમિકાની ખાતરી કરવા બન્નેને જુદી જુદી રીતે મળ્યા હતા. અડવાણી લોકસભાના અધ્યક્ષ બને તેવી શક્યતા છે. જોશીની ઇચ્છા નાણાં અથવા તો વિદેશ ખાતુ મેળવવાની છે. રાજનાથસિંહને સંરક્ષણ અથવા તો ગૃહ ખાતુ મળે તેવી શક્યતા છે. રાજસ્થાનના મુખ્યપ્રધાન રાજે પણ દિલ્હીમાં છે તેઓ કેટલાક નામ સુચવી શકે છે. સુષ્મા સ્વરાજ, અનંત કુમાર અને રવિશંકર પ્રસાદને પણ ચાવીરૂપ ખાતા મળી શકે છે. હાલમાં જોરદાર લોબી પણ ચાલી રહી છે.

મોદી સાથે ડઝન પ્રધાનો શપથ લેશે : બીજી અથવા તો ત્રીજીએ કેન્દ્રિય કેબિનેટનુ વિસ્તરણ કરાય તેવી શક્યતા

રેલવેમાં નવા પ્રાણ ફૂંકવા નવી સરકાર ખુબ ઇચ્છુક

નવી દિલ્હી,તા. ૧૯

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સામે જે પ્રાથમિકતા રહેશે તેમાં રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવેની સ્થિતિને સુધારવાની બાબતનો સમાવેશ થાય છે. મૂળભૂત સુધારાઓ રજૂ કરીને વિકાસને વધારવાને પ્રાથમિકતા આપવામાં આવશે. રેલવેને કટોકટીમાંથી બહાર કાઢી વિકાસશીલ આધાર બનાવવા માટે મુખ્ય પડકાર રહેશે. એક દશકનો સૌથી ઓછો વિકાસદર તાજેતરના સમયમાં રહ્યો છે. છેલ્લા બે દશકના ગાળામાં રેલવેની હાલત કફોડી બની છે. મોદીના નેતૃત્વમાં ભાજપની તરફેણમાં સ્પષ્ટ બહુમતિ મળ્યા બાદ એવી ચર્ચા છે કે, આ વખતે રેલવેમાં નવા પ્રાણ ફૂંકવામાં આવશે. રેલવેની સ્થિતિને બદલવા માટે તમામ પગલા લેવામાં આવશે. ચૂંટણી પ્રચાર દરમિયાન મોદીએ ભારતના વિકાસ માટે મુખ્ય એન્જિન તરીકે રેલવેને ગણાવીને તેમાં સુધારા કરવાની વાત કરી હતી. જો કે, મોદીએ કોઇ ચોક્કસ યોજનાની વાત કરી ન હતી. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં બુલેટ ટ્રેનની વાત કરવામાં આવી હતી. ચૂંટણી ઢંઢેરામાં જણાવવામાં આવ્યું છે કે, ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને શક્તિશાળી બનાવવા માટે પાર્ટીએ યોજના બનાવી હતી. રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટરને વિકાસ એન્જિન બનાવવાની બાબતને પ્રાથમિકતા આપવામાં આવશે.

મજબૂત લીડરશીપના પરિણામ સ્વરુપે તથા મજબૂત રાજકીય ઇચ્છા શક્તિથી હવે રેલવેની સ્થિતિને મજબૂત કરવામાં આવશે. ૧૪ લાખ કર્મચારીઓ આમા કામ કરે છે. રેલવે સામે નાણાંકીય કટોકટી રહેલી છે. આધુનિકીરણ અને વિસ્તરણ માટે ફંડના અભાવથી ઘણી યોજનાઓ અટવાઈ પડી છે. સ્ટાફ, ફ્યુઅલ અને પેન્શન બિલ માટે જંગી ચુકવણી કરવામાં આવ્યા બાદ રેલવે પાસે વધારે નાણા રહેતા નથી. એક લાખ કરોડના પ્રોજેક્ટ પેન્ડિંગ પડેલા છે. સેફ્ટીની બાબત પણ મહત્વપૂર્ણ બનેલી છે. ઇન્ડિયન રેલવે કોર્પોરેશન દ્વારા ઘણા પગલા લેવાઈ રહ્યા છે. રેલવે બોર્ડની ફરી રચના કરવાની વાત પણ થઈ રહી છે. સાથે સાથે તેના કદને ઘટાડવાની વાત થઈ રહી છે. સ્વતંત્ર ટેરિફ રેગ્યુલેટરની રચનાનો મુદ્દો ઘણા સમયથી સપાટી ઉપર છે.

જમ્મુમાં ફરીવાર ત્રાસવાદી હુમલો : એક જવાન શહીદ

જમ્મુ,તા. ૧૯

જમ્મુ કાશ્મીરના જમ્મુ જિલ્લાના અખનુર વિસ્તારમાં અંકુશ રેખા પાસે ભારતીય સેનાની પેટ્રોલ ટુંકડીને ટાર્ગેટ બનાવીને ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા બ્લાસ્ટમાં એક જવાનનુ મોત થયું છે અને અન્ય બે જવાન ઘાયલ થયા છે. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ત્રાસવાદીઓ દ્વારા આ હુમલો કરવામાં આવ્યા બાદ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. બનાવ બન્યા બાદ વધારાના જવાનોએ મોરચા સંભાળીને ફરાર થયેલા ત્રાસવાદીઓની શોધખોળ હાથ ધરી હતી. હેડ કોન્સ્ટેબલ વિનોદ કુમાર અને લાન્સ નાયક અમોલ કુમારને ઇજા તયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્રાસવાદીએ ટ્રેક નજીક આઈઇડી પ્લાન્ટ કર્યો હતો. સૈનિકોને ટાર્ગેટ બનાવવા માટે આ યોજના તૈયાર કરાઈ હતી. જો કે મોડેથી પાકિસ્તાની સૈનિકોએ નાથુ તિબ્બા વિસ્તારમાં ભારતની અગ્રીમ ચોકીઓ પર ગોળીબાર પણ કર્યો હતો. જેના કારણે તંગદીલી ફેલાઇ ગઈ હતી. સેના દ્વારા ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરી કરવાના પ્રયાસો ગઈકાલે નિષ્ફળ બનાવી દીધા હતા. ત્રણ ત્રાસવાદીીએ ઘુસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પાકિસ્તાની સૈના અને ત્રાસવાદીઓ સાથે મળીને છેલ્લા કેટલાક દિવસથી ઘુસણખોરીના પ્રયાસો કરી રહ્યા છે. સ્થાનિક લોકોની સાહનુભુતિના કારણે પણ ત્રાસવાદીઓ હુમલા કરીને સંતાઇ જવામાં સફળ રહ્યા છે. ત્રીજી મેના દિવસે સૈનિકોએ પુચં જિલ્લામાં અંકુશ રેખા પર ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. સરહદ પર પાકિસ્તાની સેના તાજેતરના સમયમાં અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરી ચુકી છે. ભારતે વારંવાર વાંધો ઉઠાવ્યો હોવા છતાં સેનિકો દ્વારા સતત ગોળીબાર કરવામાં આવ્યો છે.

ઉત્તરપ્રદેશમાં અખિલેશે હવે રાજીનામુ આપી દેવું જોઇએ

નવી દિલ્હી,તા. ૧૯

ભાજપના વરિષ્ઠ નેતા અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહને આજે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવના રાજીનામાની માંગ કરી હતી. લોકસભાની ચૂંટણીમાં પક્ષની કારમી હાર બાદ નૈતિક જવાબદારી સ્વીકારીને અખિલેશ યાદવ રાજીનામુ આપે તેવી માંગણી કલ્યાણસિંહ દ્વારા કરવામાં આવી હતી. કલ્યાણસિંહ નરેન્દ્ર મોદીને મળવા માટે આજે દિલ્હી પહોંચ્યા હતા. આરએસએસના વરિષ્ઠ સભ્યો સાથે વાતચીત કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા સિંહે કહ્યું હતું કે, નૈતિકતાની વાત કરી રહેલા સમાજવાદી પાર્ટીના સભ્યો હવે બિલકુલ શાંત છે. લોકજનમત તેમની વિરુદ્ધમાં છે જેથી સિદ્ધાંતોના આધાર અખિલેશે રાજીનામુ આપવું જોઇએ. સાથે સાથે લોકો પાસેથી નવેસરથી જનમત મેળવવાના પ્રયાસ કરવા જોઇએ. ભાજપના

નેતાએ સમાજવાદી પાર્ટીના નેતૃત્વમાં સરકારને નિષ્ક્રિય તરીકે ગણાવીને કહ્યું હતું કે, લોકોએ રાજ્યમાં આગામી સરકારની રચના કરવા તેમની પાર્ટીને વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સમાજવાદી પાર્ટી કંનોજ અને ફિરોઝાબાદ મતવિસ્તારમાં બૂથ કેપ્ચરિંગમાં પણ સામેલ રહી હતી. તેમણે કહ્યું હતું કે, પાર્ટીએ બે સંસદીય બેઠકો મેળવી છે. રાજ્યમાં બહુજન સમાજ પાર્ટી અને આરએલડી ખાતુ પણ ખોલી શક્યા નથી. સંઘના કાર્યકરો સાથે કોઇ વ્યૂહાત્મક વાતચીતનો કલ્યાણસિંહે ઇન્કાર કર્યો છે. ભાજપમાં રિમોટ કન્ટ્રોલ તરીકે આરએસએસ હોવાનો પણ તેમણે ઇન્કાર કર્યો હતો. કલ્યાણસિંહે વિવિધ મુદ્દાઓ ઉપર વાતચીત કરી હતી.

કેન્દ્રમાં નવી સરકાર ટુંકમાં નિર્ણય લે તેવી શક્યતા

૧૦૦૦ રૂપિયા પેન્શનરૂપે આપવાની માટે તૈયારી શરૂ

નવી દિલ્હી,તા. ૧૯

કર્મચારી ભવિષ્ય નિધી સંગઠન અથવા તો ઇપીએફઓની પેન્શન યોજના હેઠળ લઘુત્તમ ૧૦૦૦ રૂપિયા પેન્શન તરીકે આપવાની હિલચાલ ચાલી રહી છે. ટુંક સમયમાં જ આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. ઇપીએફઓના એક અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું હતું કે ચૂંટણી હવે પૂર્ણ થઇ ગઇ છે. જેથી સરકાર આ દિશામાં આગળ વધશે. સરકારના કર્મચારી પેન્શન યોજના -૯૫ હેઠળ ૧૦૦૦ રૂપિયાનુ પેન્શન મેળવશે. આ અધિકારીએ કહ્યું હતું કે પાંચમી માર્ચના દિવસે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ આચારસંહિતા લાગુ કરવામાં આવી હતી. જેના કારણે આ નિર્ણયને અમલી બનાવી શકાયો ન હતો. ઇપીફઓના ઇપીએસ-૯૫ હેઠળ લોકોને ૧૦૦૦ રૂપિયા પેન્શન આપવાની વાત થઇ હતી. કેન્દ્રિય પ્રધાનમંડળની બેઠકમાં ૨૮મી ફેબ્રુઆરીના દિવસે આ નિર્ણય કરવામાં આવ્યો હતો. પ્રધાનમંડળના આ નિર્ણય બાદ શ્રમ મંત્રાલય દ્વારા જાહેરનામુ જારી કરવામાં આવનાર હતુ. પરંતુ આચારસંહિતા અમલી બની ગઇ હતી. જેથી તેના નિર્ણયને રોકી દેવાયો હતો. આ પગલાથી પાંચ લાખ વિધવા અને અન્યોને મળીને કુલ ૨૮ લાખને ફાયદો થશે. કુલ ૪૪ લાખ પેન્શનધારકો છે. ઇપીએફઓ દ્વારા ફેબ્રુઆરીના મહિનામાં પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. પ્રસ્તાવને મંજૂરી માટે કેન્દ્રિય કેનિબેનટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. કારણ કે આના માટે નાણાંની વ્યવસ્થા નાણાં મંત્રાલય દ્વારા કરવામાં આવનાર છે. હવે નવી સરકાર આ દિશામાં આગળ વધે તેવી શક્યતા દેખાઇ રહી છે. જો કે કર્મચારીને ચોક્કસપણે સીધો ફાયદો થશે.

મોંઘવારી ઘટાડવાનો મોદીએ આપેલો રિપોર્ટ હવે એકશનમાં આવશે

નવી દિલ્હી, તા.૧૯

અચ્છે દિન આનેવાલે હૈ...ના નારા સાથે સત્તા ઉપર બિરાજમાન થવા જઈ રહેલ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર સૌ પ્રથમ કયાં પગલા ભરશે એ બાબતને લઈને જબરી ચર્ચા થઈ રહી છે. ફુગાવાને કાબુમાં નહિ રાખી શકનાર યુપીએને ઘર ભેગુ થવું પડયું છે. ત્યારે હવે ફુગાવાના મોરચે મોદી સરકાર શું પગલા લેશે? એ બાબત મહત્વની બનશે. એવું જાણવા મળે છે કે મોદી સરકારે એક એકશન પ્લાન ઘડી લીધો છે ૨૦ જેટલી ભલામણો અને ૬૪ જેટલા પગલા લઈ શકાય તેવા મુદ્દાઓ તૈયાર કરવામાં આવ્યા છે. અત્રે એ નોંધનીય છે કે મોંઘવારીને નિયંત્રણમાં લેવા માટે નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે યુપીએ સરકારને માર્ચ ૨૦૧૧માં એક રિપાર્ટ સોંપ્યો હતો જેના ઉપર હવે પગલા લેવામાં આવે તેવી શકયતા છે.

એ વખતે મોદીએ જે ભલામણો કરી હતી તેમાં અનેકવિધ સુધારાઓ સુચવવામાં આવ્યા હતા. જેમાં એટીએમસી એકટ, કૃષિ બજારોનું ઉદારીકરણ, એફસીઆઈના ભાગલા પાડવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે. મોંઘવારી કઈ રીતે ઘટાડી શકાય તેના ઠોકબંધ સુચનો મોદીએ કર્યા હતા હવે તેઓ આ બાબતે શું કરે છે? તેના ઉપર સૌનું ધ્યાન કેન્દ્રીત થયુ છે. ચૂંટણી પ્રચાર વખતે પણ ભાજપના નેતાઓએ કહ્યું હતું કે સપ્લાયની ચેઈન અવ્યવસ્થિત છે અને વધી રહેલા વ્યાજના દર ચિંતાજનક છે અને આ બંને કારણોસર ફુગાવો ફુલીને દડો થઈ ગયો છે. ભાજપ હવે સપ્લાય ચેઈનને ઠીકઠાક કરવા માંગે છે.

મોદીએ જે મહત્વની ભલામણો કરી હતી તેમાં દેશભરમાં એટીએમસી એકટમાં સુધારાઓ કરવા, કૃષિ બજારોનું ઉદારીકરણ કરવા, કૃષિ માર્કેટીંગ પ્રવૃત્તિઓને લોન આપવામાં અગ્રતા આપવી, રાષ્ટ્રીય અને પ્રાદેશિક લેવલે પ્રધાન લેવલની સંકલન સમિતિ રચવી, એગ્રી પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ સહિતની ઈન્ફ્રાસ્ટ્રકચર જેવી બાબતોનો વિકાસ કરવો, એફસીઆઈના બે ભાગ કરવા અને કૃષિ પેદાશો મેળવવા, સંગ્રહ અને વિતરણમાં ધરખમ ફેરફારો કરવા એક ભાવ સ્થિરતા ફંડની સ્થાપના કરવી, સંગઠીત ક્ષેત્ર અને સહકારી ક્ષેત્રને હરિફાઈયુકત બનાવવા વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

માર્ચ ૨૦૧૧માં મોદીએ યુપીએ સરકારને રિપોર્ટ સોંપ્યો હતો : હવે તેના અમલની સંભાવના : દેશભરમાંએટીએમસી એકટમાં સુધારો કરવા, કૃષિ બજારોનું ઉદારીકરણ કરવા, એફસીઆઈના બે બાગ કરવા, ભાવ સ્થિરતા ફંડની સ્થાપના કરવા, સપ્લાય ચેઈન ઠીકઠાક કરવી, કૃષિ માર્કેટીંગ પ્રવૃત્તિઓને ધિરાણમાં અગ્રતા આપવી વગેરે ભલામણો થઈ હતી

બાળકોની કસ્ટડી માટે અંતે કરિશ્માના પતિની રજૂઆત

મુંબઈ,તા. ૧૯

કરિશ્મા કપૂરના અલગ થયેલા પતિએ તેમના બે બાળકો સમીરા અને કિયાનની કસ્ટડી માટે કોર્ટમાં અરજી દાખલ કરી દીધી છે. બીજી બાજુ કરિશ્મા કપૂર પણ બાળકોની કસ્ટડી માટે છેલ્લી લડાઈ લડવા માટે તૈયાર છે. છેલ્લા થોડાક સપ્તાહથી એવી અફવાઓ ચાલી રહી હતી કે, દિલ્હીના બિઝનેસ મેન સંજય કપૂરે તેમની નવ વર્ષની પુત્રી સમીરાની કસ્ટડી માટે કરિશ્મા કપૂર સામે કોર્ટમાં અપીલ કરી દીધી છે પરંતુ હવે એવું જાણવા મળ્યું છે કે, સંજય કપૂરે તેમના ચાર વર્ષના પુત્ર કિયાનની કસ્ટડી માટે પણ રજૂઆત કરી છે. તેમના વકીલ જલાજા નામ્બિયાર દ્વારા બાંદ્રાની ફેમિલી કોર્ટમાં આ અરજી કરવામાં આવી છે. આ કેસની વિગતો મળી રહી નથી પરંતુ મામલો ખુબ જ ગંભીર બન્યો છે. કેસની એક નકલ કરિશ્મા કપૂરને પણ મોકલી દેવામાં આવી છે. સંજયના નજીકના સૂત્રોએ કહ્યું છે કે, અમને આ પગલા લેવાની ફરજ પડી છે. કારણ કે, કરિશ્મા બાળકોને મળવાની સંજય કપૂરને મંજુરી આપી રહી નથી. રણધીર અને બબીતાની સૌથી મોટી પુત્રી કરિશ્મા કપૂર વ્યાપક મતભેદો બાદ છુટાછેડા માટે વિચારણા કરી રહી છે. આ મતભેદોના લીધે બંને જુદી રીતે રહે છે. સંજયના મિત્રો પણ કહે છે કે, તેઓ ક્યારે પણ કરિશ્માને છુટાછેડા આપશે નહીં પરંતુ હવે એમ માનવામાં આવે છે કે તેમની વચ્ચેના સંબંધોમાં કંઇ બાકી નથી. સંજય અને હોટેલિયર વિક્રમ ચટવાલની પૂર્વ પત્નિ પ્રિયા હાલમાં એક બીજાની નજીક છે. તેઓ દિલ્હી નાઇટ ક્લબમાં એક સાથે નજરે પડી ચુક્યા છે. પ્રિયાએ વિક્રમથી છુટાછેડા લઇ લીધા છે. અભિનેત્રીના નજીકના સૂત્રોનું કહેવું છે કે, કરિશ્મા આ મામલે કોઇ ટિપ્પણી કરવા ઇચ્છુક નથી. તે ટિપ્પણી કરીને પ્રતિષ્ઠા ખરાબ કરવા ઇચ્છુક નથી. કોર્ટમાં સંજયને તમામ જવાબ આપશે. કરીશ્માએ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૩ના દિવસે સંજય સાથે લગ્ન કર્યા હતા. ૧૧મી માર્ચ ૨૦૦૫ના દિવસે સમીરાનો અને ૧૨મી માર્ચ ૨૦૧૦ના દિવસે કિયાનનો જન્મ થયો હતો.

પંજાબની વ્યૂહરચના પર કેજરીવાલની લાંબી ચર્ચા

નવીદિલ્હી, તા. ૧૯

તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પંજાબમાંથી ચૂંટાઇ આવેલા એએપીના ચાર સાંસદો આજે પક્ષ પ્રમુખ અરવિંદ કેજરીવાલને મળ્યા હતા અને પંજાબમાં પક્ષની આગળની વ્યૂહરચના ઉપર ચર્ચા વિચારણા કરી હતી. નવા ચૂંટાયેલા સાંસદો, અભિનેતા અને હાસ્ય કલાકાર ભગવંત માલ, સાધુસિંહ અને હરિન્દરસિંહ, ધરમવીર ગાંધી આજે તેમના નિવાસસ્થાને કેજરીવાલને મળ્યા હતા અને પંજાબમાં ભાવિ યોજના ઉપર ચર્ચા વિચારણા કરી હતી. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો બિલકુલ ફ્લોપ શો રહ્યો છે. આમ આદમી પાર્ટીને ૪૦૦થી પણ વધુ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હોવા છતાં માત્ર ચાર જ બેઠકો મળી છે. જ્યાંથી શાનદારરીતે એએપી દ્વારા પોલિટિકલ કેરિયરની શરૂઆત કરવામાં આવી હતી તે દિલ્હીમાં લોકસભાની ચૂંટણીમાં એએપીને એક પણ બેઠક મળી નથી જેથી એએપીની હાલત કફોડી બની ગઈ છે.

સમાચાર ઝલક

- ત્રાસવાદીઓની ધમકી, હવે નરેન્દ્ર મોદીનો જ નંબર, સીમીના ત્રાસવાદીઓની ચીમકી.
- મોદી ઇફેક્ટ : સેન્સેક્ટ ૩૦,૦૦૦ સુધી પહોંચશે.
- દુનિયામાં છોકરીઓ માટે સૌથી વધુ અસલામત છે ભારત.
- જાણીતા ઉદ્યોગપતિ રૂષિ મોદીનું અવસાન.
- આયાતી માલના મૂલ્યાંકનમાં ૫૦૦૦ કરોડની ગરબડ બદલ અદાણી જૂથને નોટિસ.
- ગોંડલમાં લગ્નપ્રસંગે જમણવારમાં ૭૦થી વધુને ઝાડા-ઉલ્ટીની અસર થઇ.
- નાઇજીરીયા સહિત આફ્રિકન દેશો બોકો હરામ ત્રાસવાદીને કચડવા સર્વાનુમતે સંમત.
- કેરળના કોચીમાં મહિલા મુસાફરો માટે મહિલા ડ્રાઇવરોની ટેક્સી શરૂ.
- કેનેડામાં નરેન્દ્ર મોદીના વડાપ્રધાનની શપથવિધિ દિને ગરબા અને વિવિધ કાર્યક્રમો યોજાશે.
- સાપુતારા તળેટી વિસ્તારમાં વાવાઝોડા સાથે વરસાદ, ગોંડલમાં પણ ભારે વરસાદ.
- રાજકીય સટ્ટામાં બુકીઓને જંગી કમાણી, પંટર્સ સાફ, બુકીઓની તિજોરી લીલીછમ્મ.
- નીતા અંબાણી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં ડાયરેક્ટર બનશે.
- ન્યૂયોર્ક ટાઇમ્સના કવરપેજ પર ચમકનાર મોદી દેશનાં સૌથી વધુ સશક્ત રાજકારણી.
- ગોંડલમાં ટાઉનહોલની છત તૂટી પડી. ૩ મજૂરોને ઇજા.
- બ્યુટી ક્વીન ઐશ્વર્યા રાય ૨૦મી મેના દિવસે કાન્સમાં રેડ કારપેટ પર જોવા મળશે.
- તામિલનાડુમાં કોંગ્રેસના ૩૯માંથી ૩૮ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત.
- અમૂલ વિસ્તરણ યોજના, ઉતરપ્રદેશમાં ૪૦૦૦ કરોડ રૂપિયા ઇન્વેસ્ટ કરશે.
- હરિયાણાના ૨૬ વર્ષીય દુષ્યંત ચૌટાલા, સૌથી યુવા સાંસદ બન્યા.
- કાશ્મીરમાં અફીણની મોટા પાયે થતી ખેતી.